

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*અર્ધી રાત્રે ધંધાની સ્વતંત્રતા બેડીએ બંધાઈ ગઈ*
*નફા-તોટા, કરની માળા એક સૂત્રે સંધાઈ ગઈ!*
*રંધાઈ ગઈ જેટલી લૂંટફાટની ગુપ્ત યોજના -*
*વેપારનાં મુક્ત પંખીની પાંખ ભડાકે વિંધાઈ ગઈ!*

હાઈકુ

*છે ફફડાટ -*
*પિંજરે પૂરાવાનો,*
*પત્રકો જાળે!*

*કરશે પૂજા !*
*ચોપડા પૂજનારાની -*
*જેટલી લક્ષ્મી!!*

### ચિંતન

*જલેન ગાત્રાણિ શુધ્યન્તિ મનઃ સત્યેન શુધ્યતિ ।*
*વિદ્યાતપોભ્યાં ભૂતાત્મા બુદ્ધિર્જ્ઞાનેન શુદ્ધ્યતિ ॥*

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સુભાષિત સંસ્કૃત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**શરીરનું શુદ્ધિકરણ પાણીથી થાય, મનને શુદ્ધ આચરણથી શુદ્ધ કરી શકાય. બ્રહ્મવિદ્યા અને તપ દ્વારા જીવાત્માની શુદ્ધિ થાય. શાસ્ત્ર, ચિંતન - મનન - નિદિધ્યાસનથી બુદ્ધિની શુદ્ધિ થાય છે.**

**સદ્‌વાચન - અને સત્સંગથી વિચારશુદ્ધિ આવે, સારા વિચારોના સંસ્કારથી સારું આચરણ આવે સારા આચરણ દ્વારા સાધુતા અને સજ્જનતા શુદ્ધ થાય છે અને પરિણામે જીવાત્મા પર આ તમામ શુદ્ધિઓની કાયમી અસર થાય છે જે અનેક જન્મો સુધી આપણો - જીવાત્માનો સાથ આપે છે.**

### સુવિચાર

- 'સપનું' એટલે પગથિયાં વિનાની સીડી અને 'ધ્યેય' એટલે નિશ્ચિત કરેલા પગથિયાં - **એસ. ભટ્ટાચાર્ય**
- 'ભાવ' ખાવાનું છોડી દે, ને ભાવ ભર્યો સ્વભાવ રાખ, વધુ માન મળશે - **મૃગેશ દેસાઈ**
- પ્રશ્ન જશનો હોય કે અપજશનો, ઉત્તર ફક્ત પ્રયત્ન હોય છે - **રીઝવાન ગુજરાતી**
- અડધા સમયમાં આખું કામ પૂર્ણ થઈ શકે, પરંતુ અધૂરી નિયતે અડધું કામ પણ અશક્ય છે - **મુકેશ જોષી**
- ભલો માણસ એ છે કે જેણે ભલાઈ ને વ્યાખ્યાનમાં બાંધી નથી - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- માણસ મોંઘો છે કે સસ્તો એ ચિંતાનો વિષય નથી,
  ચિંતાનો વિષય એ છે કે માણસની કિંમત થવા માંડી છે - **આશુ પટેલ**
- આજનું ઔષધ : તુલસીના પાન પીસીને ઘા પર લગાવવાથી ઘા જલ્દી રૂઝાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

નમે તે સૌને ગમે, વિનય અને નમ્રતા સાથે માફી માગવી કે ભૂલ કબૂલ કરવી એ જ મોટો સદ્‌ગુણ છે.

દિવ્યજીવન સંઘના સ્થાપક શ્રી સ્વામિ શિવાનંદજીએ હષિકેશમાં 'પાર્લામેન્ટ ઓફ વર્લ્ડ રીલીજીયન્સ' એટલે કે સર્વધર્મ સંમેલનનું આયોજન કરેલું. આયોજક તરીકે શિવાનંદજીએ સૌને અંગ્રેજીમાં પ્રવચન કરીને આવકાર્યા. પ્રવચન પછી એક સંસ્કૃતના પ્રકાંડ પંડિત સાધુએ ઊભા થઈને સભાની વચ્ચે જ શિવાનંદજીને અંગ્રેજીમાં ભાષણ કરવા બદલ ખૂબ જ ખરી-ખોટી સંસ્કૃત ભાષામાં સંભળાવી. તેઓ કેમેય કરીને બંધ થાય જ નહીં, ભાગ લેવા આવેલ સૌ આમંત્રિતોને પણ અકળામણ થવા લાગી. એવામાં શિવાનંદજી સ્ટેજ ઉપરથી ઊઠ્યા. પેલા સંતના ચરણકમળમાં દંડવત્ કરીને અંગ્રેજીમાં બોલવા બદલ ક્ષમા માગી. પોતાના હિન્દીના અધકચરા જ્ઞાન અને પોતે સારું સંસ્કૃત નહીં જાણતા હોવાનો એકરાર કર્યો. પેલા સાધુ શાંત થયાં. અને સર્વધર્મ સંમેલનનું કામકાજ સારી રીતે સંપન્ન થયું. હવે જો કોઈએ એ સાધુને ધોલધપાટ કરી હોત તો? બાકીના દિવસોની પરિષદ પણ ઘેરાવ, તનાવ, નારાબાજી, હુલ્લડમાં ફેરવાઈ જાત.

# રાષ્ટ્રપતિપદની ગરિમાને ડંખતો જાતિવાદ

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રપતિના ઉમેદવાર તરીકે કુલ ૯૫ ફોર્મ ભરાયાં હતા. પરંતુ એ પૈકીનાં ફક્ત બે જ ફોર્મ નિયમ મુજબનાં હોઈ બાકીનાં રદ થયાં છે અને આ સર્વોચ્ચ પદ માટે ફક્ત બે જ ઉમેદવાર મેદાનમાં રહે છે. કમનસીબી એ છે કે રાષ્ટ્રપતિ જેવા હોદ્દાને પણ રાજકીય પક્ષોએ જાતિવાદના દાયરામાં લાવી મૂક્યો છે. આવું વિધાન કરવાનો આશય આ વખતના બેઉ ઉમેદવારોની યોગ્યતા સામે આંગળી ચીંધવાનો નથી. બેઉ એ પદ માટે જરૂરી લાયકાતો ધરાવે છે અને બે પૈકી જે કોઈ ચૂંટાઈ આવશે તે પોતાના પદની ગરિમાને અનુરુપ વ્યવહાર પર કરશે, એ મુદ્દે શંકાને સ્થાન છે જ નહીં, પ્રશ્ન એ રહે છે કે શું રાષ્ટ્રપતિ જેવા સર્વોચ્ચ બંધારણીય પદને પણ રાજકીય ગણતરીઓથી જ મૂલવવું જોઈએ? જ્યારે આવો પ્રશ્ન જાગે ત્યારે અત્યાર સુધીના આ પદનો શોભાવી કે એની ગરિમાને અળપાળી ચૂકેલા મહાનુભાવોનું સ્મરણ થયા વિના નહીં રહે. અને એ પદનું ગૌરવ જાળવી જ્યારે અનિવાર્યતા ઊભી થઈ ત્યારે તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની સલાહને પણ અવગણનાં અચકાયા ન હતા. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ પોતે દેશની બંધારણસભાના અધ્યક્ષ હતા અને રાષ્ટ્રપતિ બન્યા પછી એ બંધારણની ગરિમા કેવી રીતે જળવાય એની એમને પૂરી કાળજી લીધી હતી. સોમનાથ મંદિરના નવનિર્માણ પ્રસંગે વડાપ્રધાનની નામરજી છતાં હાજરી આપીને એમને રાષ્ટ્રની સંસ્કૃતિને સંકીર્ણ સંપ્રદાયની સીમામાં નહીં બાંધી રાખવાની ઉદારતા દાખવી હતી. રાજેન્દ્ર બાબુનું રાષ્ટ્રપતિ પદ એ કોઈ વડાપ્રધાન કે પાર્ટી તરફથી થયેલી લહાણી ન હતી. એ કોંગ્રેસના સર્વોચ્ચ નેતાઓ પૈકીના એક હતા અને ખરેખર તો રાષ્ટ્રપતિ બનતાં પહેલાં ટર્મ પૂરતા વડાપ્રધાનપદે બેઠા હોત તો દેશને વધુ લાભ થયો હોત. પંડિત જવાહરલાલ નહેરુની પ્રતિભા જગવિખ્યાત હતી અને એમની પાછળ પ્રતાપી પિતા પં. મોતીલાલ નહેરુ ઉપરાંત જેમના શબ્દને દેશ આખો આદેશ માનીને ચાલતો હતો, તેવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની છત્રછાયા હતી. જવાહરલાલ તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ફિલસૂફ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને રાષ્ટ્રપતિ બનાવવા ઈચ્છતા હતા, પરંતુ રાષ્ટ્રપતિ જેવા સર્વોચ્ચ પદ પર આરૂઢ મહાનુભાવને રાજકારણનો અનુભવ પણ હોવો જોઈએ તે દૃષ્ટિએ જોતાં પ્રખર ધારાશાસ્ત્રી અને બિહારના લોકપ્રિય નેતા તરીકે સુખ્યાત તેમ જ ખુદ ગાંધીજીને એમની પ્રારંભિક હળીના ઉત્પાદકોના શોષણ વિરુદ્ધ ચંપારણ સત્યાગ્રહની ચળવળમાં મદદરૂપ થયેલા રાજેન્દ્રબાબુ જ સૌથી લાયક ઠર્યા હતા. ઉપરાષ્ટ્રપતિ પદે ડૉ. રાધાકૃષ્ણનની નિમણૂક થઈ હતી તે પણ ઉચિત હતી. પરંતુ તે પછીના દોરમાં વડાપ્રધાનને અને પાર્ટીને અનુકૂળ હોય એવા કહ્યાગરા રાષ્ટ્રપતિઓનો જ દોર શરુ થયો, જે આજ સુધી ચાલતો રહ્યો છે. નિવૃત્ત થઈ રહેલા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી કે એમના પહેલાંના પ્રખર શિક્ષણવિદ્ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામ પણ પ્રણામમાં 'કહ્યાગરા' તો રહ્યા જ છે બલકે એમને એ વણલખી શરતે જ આ સર્વોચ્ચ પદ મળ્યું હતું, એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લાગવી જોઈએ. ડૉ. ફખરુદ્દીન અલી અહમદ સૌથી નબળું મનોબળ ધરાવતા રાષ્ટ્રપતિ તરીકે યાદ રહેશે કારણ કે એમને પોતાની ગરિમાના ભોગે રાષ્ટ્રપતિ તરીકે યાદ રહેશે કારણ કે એમને પોતાની ગરિમાના ભોગે કટોકટીના જાહેરનામા પર સહી કરવી પડી હતી. જ્ઞાની ઝૈલસિંહને રાષ્ટ્રપતિ બનાવીને ઈંદિરાજીએ તદ્દન કહ્યાગરા સેવકને એ પદ સોંપી દીધું હતું. અલબત્ત, એ શીખ સમુદાયને રાજી કરવાનો વ્યૂહ પણ હતો. મહિલાના મુદ્દે પ્રતિભા પાટિલ જેવાં પ્રતિભાહીન રાષ્ટ્રપતિ પણ આપણને મળ્યાં. રૂડા પ્રતાપ સોનિયાજીના. અપેક્ષા હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમના રાજકીય ગુરુ અને તારણહાર લાલકૃષ્ણ અડવાણીને આ મહત્ત્વનું પદ આપી કૃતાર્થતા અનુભવશે. કમનસીબે અડવાણીજી વિરુદ્ધ બાબરી ધ્વંસવાળી સીબીઆઈની ચાર્જશીટ આવી પડી અને બિહારના તદ્દન ઓછા જાણીતા રાજયપાલ રામનાથ કોવિંદનું કિસ્મત જોર કરી ગયું. અલબત્ત, એમની બીજી તમામ લાયકાતોની સરખામણીમાં એમનું દલિત અને કોળી કુળના ફરજંદ હોવું તે જ જાણે સૌથી મોટી લાયકાત હોય એવો પ્રચાર થઈ રહ્યો છે તે અત્યંત પીડાદાયક છે. લોકશાહીમાં જાતિનો આટલો મહિમા અને તે પણ રાષ્ટ્રપતિ પદ જેવા સર્વોચ્ચ હોદ્દાના ઉમેદવાર માટે! સામે કોંગ્રેસે પણ દલિત કાર્ડ સહિત મહિલા કાર્ડ ઊતરીને બધા રાજકીય પક્ષો એક જ દિશામાં વિચારતા હોવાનું પ્રસ્થાપિત કરી દીધું છે. કોંગ્રેસ માટે કાશ્મીરના ભૂતપૂર્વ મહારાજા ડૉ. કર્ણસિંહ અને ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધી જેવા ઉમેદવારો પણ હતા. પરંતુ રાજકારણ આખરે રાજકારણ જ રહેવાનું! પ્રશ્ન દલિત ઉમેદવારોની લાયકાતનો નથી; બલકે કોંગ્રેસનાં દલિત ઉમેદવાર તો સવિશેષ યોગ્યતા અને સ્પીકર તરીકેનો વિશાળ અનુભવ ધરાવે છે. પ્રશ્ન છે આવા પદ માટે દલિત કાર્ડનું રાજકારણ જોડાવાની મેલી મુરાદનો, જેમાંથી આપણા નેતાઓ ક્યારે મુક્ત થઈ શકશે તે કહેવું અઘરું છે.

# ગાંધીવાદી એટલે સત્ય અને અહિંસામાંથી ફલિત વસ્તુ

**માર્ક્સને પડકાર્યા વગર 'વિમુખતા'ની સમસ્યાનો ઉકેલ દર્શાવતા મહાત્મા ગાંધી**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધી વિચારના અર્થશાસ્ત્રમાં બહુ સ્પષ્ટ છે કે માણસને તેની જરૂરિયાતો, કેવળ તેના પડોશીઓને હાનિ પહોંચાડ્યા વિના જ નહીં પરંતુ તેમને સક્રીયપણે મદદ કરીને સંતોષવાની છૂટ આપે છે. બીજાઓને જરા સરખું પણ નુકશાન પહોંચાડ્યા વગર પોતાને વધુમાં વધુમાં લાભ થાય એવી આર્થિક પ્રવૃત્તિ આચરણમાં મૂકવી જોઈએ એમ ગાંધી સ્પષ્ટતા હતા.

'જે કંઈ પણ ગાંધીવાદી હોય તે સત્ય અને અહિંસામાંથી ફલિત થતી વસ્તુ હોવી જોઈએ એટલે ગાંધીવાદી અર્થશાસ્ત્ર અસત્ય અને અહિંસાથી મુક્તિ અર્થશાસ્ત્ર હોવું જોઈએ -' એમ વ્યક્ત થનાર જે થી કુમારપ્પા ગાંધીના અર્થશાસ્ત્રને સરસ સમજાવે છે. તેઓ કહે છે અહિંસક અને શોષણશાસ્ત્રને સરસ સમજાવે છે. તેઓ કહે છે અહિંસક અને શોષણવિહીન સમાજ આરથિક વર્ગો ઉપર રચાયેલા ન હોય એ ખરી વાત છે પરંતુ તે કેટલીક પાયાની આર્થિક જરૂરિયાતો સંતોષવા માટે કોઈક પ્રવૃત્તિ સાથે સહકાર સંઘર્ષ કે સ્પર્ધા દ્વારા સંપર્કમાં આવવાનું થાય આવી પરિસ્થિતિમાં ગાંધીવાદી અર્થશાસ્ત્રીય વિચાર ખૂબ કામમાં આવી શકે કારણ કે ગાંધીના વિચારમાં માણસ જાતે સમાજ-સમાજને અન્ય સભ્યો અને કુદરત સાથે સંપૂર્ણ એકરાગ સાધીને કામ કરવું એમ સૂચવે છે.

શ્રીયુક્ત કુમારપ્પા વૃક્ષ અને પક્ષીના ઉદાહરણ દ્વારા ગાંધીની વાત સમજાવે છે. તેઓ કહે છે પક્ષી ફળ ખાય છે અને ઉડી જાય છે. એ ફળ તેને જયાં ખાવા મળ્યું હોય તેનાથી કદાચ માઈસો દૂર ખાધેલા બીજનો ઉત્સર્ગ કરે છે. આ રીતે પક્ષી ભૂખ સંતોષવાની પ્રાથમિક જરૂરિયાત સાથે સૃષ્ટિમાં બીજ વાવેતરમાં મદદ કરે છે. પક્ષી અને વૃક્ષ આ રીતે કુદરતનું કાર્ય સહજતાથી કરે છે.

જો માણસ માણસ વચ્ચે આજ રીતે આર્થિક પ્રવૃત્તિઓ સરળતાથી અને એકરાગતાથી ચલાવવા ગાંધી સૂચવે છે એમ કુમારપપ્પા સમજાવે છે.

ગાંધીજી અનેક કારણોને ધ્યાનમાં લઈને કેન્દ્રીત ઉદ્યોગોના બદલે વિકેન્દ્રીત ઉદ્યોગોની તરફેણ કરે છે. કેન્દ્રીત ઉદ્યોગોમાં માણસ ઓછા અને મશીન ઝાઝાં હોય છે. માણસના ભાગે કામ આવે એ પણ મશીનરુપે જ કરવાનું આવે જયારે વિકેન્દ્રીત ઉદ્યોગમાં નાના પાયાના ઉદ્યોગમાં મનુષ્ય વળગ્યો હોય તેને ઉદ્યોગ માટેનો કાચો માલ કયાંથી મળશે અને ઉત્પાદિત ચીજવસ્તુની પ્રજામાં કેવી માગ હશે ? ત્યાં સુધીની તમામ બાબતો સાથે એ જોડાયેલો રહે છે. આ રીતે કામમાં ઓતપ્રોત થઈને માણસ ઉત્પાદન પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોય છે. આમ, કંઈક ઉપયોગી ઉત્પાદન પ્રવૃત્તિ સાથે જોડાયો

**અનુસંધાન પાના નં. ૭ પર**


# ઝગારાં મારતાં જીવન : ભોગીભાઈ અને જીજી



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

મોડાસા તાલુકાના એક અજાણ્યા તથા છેવાડાના ગામમાં સ્વેચ્છાએ રહેવા માટે ગયેલા ભોગીભાઈને કેટલાક અપ્રિય અનુભવો થયા. આવા અનુભવ તો કદાચ સમાજમાં ઘણાંને આજે પણ થતા હશે. પરંતુ જ્યારે આવા અપ્રિય અનુભવમાં અન્યાયનું કોઈ તત્વ દેખાય ત્યારે તેની સામે ખડગ ખેંચીને ઊભા રહે તે ભોગીલાલ ગાંધી હતા. (૧૯૧૧-૨૦૦૧) લગભગ આઠ દાયકા પહેલાની આ ઘટના આજે પણ ફરી કહેવી તથા સાંભળવી ગમે તેવી છે. ઘટના નાની ભલે લાગતી હોય પરંતુ તેમાં અન્યાય સામેના પ્રતિકારનો ગાંધી વિચાર આબેહૂબ ઝીલાયો છે. ગાંધીજીની અપીલને માન આપીને ભોગીભાઈ છેવાડાના તથા નાના ગામમાં રચનાત્મક કાર્યોમાં લાગી ગયા હતા. રાજકીય સ્વાતંત્ર્ય સાથે સાથે સામાજિક બદલાવની પ્રક્રિયા પણ અનિવાર્ય રીતે જોડવી જોઈએ તે બાબત આ પેઢીના નેતાઓના મનમાં પૂર્ણતઃ સ્પષ્ટ હતી. રાજકીય સ્વાતંત્ર્ય સાથે દૂભ્યા — દબાયેલા વિશાળ વર્ગની ખેવના માટેની વ્યવસ્થા ન ગોઠવાય તો મુક્તિનું વહાણું તેમના ફળિયા સુધી પહોંચી શકતું નથી. આવી સ્થિતિના નિવારણ માટે તે સમયમાં અંતરિયાળ વિસ્તારના ગ્રામ્ય જીવનની તકલીફો ભોગવવાની પૂરતી તૈયારી સાથે તેઓ મોડાસા તાલુકાના નાના એવા ગામ ઓઢામાં રહેવા ગયા હતા. ગામમાં આસપાસ ચાલતી ગતિવિધિઓનું અવલોકન કરતાં ભોગીભાઈના ધ્યાનમાં આવ્યું કે ગામના તલાટી દરેક ખાતેદાર પાસેથી દર વર્ષે એક રુપિયો વેરા તરીકે વસુલ કરતા હતા. આઠેક દાયકા પહેલા રુપિયાનું વાસ્તવિક મૂલ્ય પણ ઊંચું હતું. તેમણે વિશેષ તપાસ કરી તો જાણી શક્યા કે આ સરકારી વેરો ન હતો. તલાટીઓએ શોધી કાઢેલો આ વણલખ્યો લાગો હતો ! આ રુપિયો સરકારી તિજોરીમાં નહિ પરંતુ સરકારી કર્મચારીના ખિસ્સામાં જાય ! આવા અન્યાયની વાત જાણ્યા પછી મુંગા મોઢુ બેસી રહે તો એ ભોગીભાઈ શાના? અન્યાય સહન કરવો તે અનિષ્ટને પ્રોત્સાહન આપવા બરાબર છે તે વાત ગાંધીના ગોવાળો બરાબર સમજતા હતા. આ સમજ ખૂબજ ઉચિત તેમજ વીરોચિત હતી. છતી આંખે જો સમાજના લોકો ગાંધારી વ્રત્તિ કેળવીને આંખે પાટા બાંધી રાખે તો દૂર્યોધન સમાન અનિષ્ટ ઘટના કે વિચારને રોકે કોણ? તેમણે ગામડાના ખેડૂતોને સમજાવવા શરૂ કર્યા. આ રીતે મૂંગા મોંએ પસીનાની કમાઈનો એક ભાગ શા માટે વેડફી નાખવો ? તેઓ કહેવા લાગ્યા. ખેડૂતો તંત્રના ભયના કારણે ભોગીભાઈની વાત ઝડપથી સ્વીકારી શક્યા નહિ. ભોગીભાઈએ નિરાશ થયા સિવાય પ્રયાસ ચાલુ રાખ્યા. ભોગીભાઈએ વિરોધનો સૂર બુલંદ કર્યો. કોંગ્રેસના વરિષ્ટ નેતાઓ સુધી ગામડાની આ વાસ્તવિક તકલીફની રજૂઆત થઈ. સરવાળે ગોરી સરકારના ઉપરી અધિકારઓ અસંતોષની ચિનગારી પ્રગટી રહી છે તે જોઈ શક્યા. ઉપરી અમલદારોના હસ્તક્ષેપથી આ અન્યાયી પ્રથા અંતે દૂર થઈ. અંતરના દીવે સત્ય માર્ગનું દર્શન કરી શકે અને તેના અજવાળે જગતને પણ દોરી શકે તેવા ભોગીભાઈ હતા. તેમની નીચેની કવિતાના શબ્દો તેમના જીવનકાર્યોમાં પડઘાયા હતા. ભોગીલાલ ગાંધીની આ રચના આપણી ભાષાના એક કંઠાભરણ સમાન છે.



તું તારા દિલનો દીવો થાને,
ઓ રે ઓ રે ઓ ભાયા !
રખે કદી તું ઉછીના લેતો
પારકા તેજ ને છાયા
એ રે ઉછીના ખૂટી જશે ને
ઊડી જશે પડછાયા.....ઓ રે ભાયા !
આભમાં સૂરજ ચંદ્ર ને તારા
મોટા મોટા તેજ રાયા,
આતમનો તારો દીવો પેટાવવા,
તું વીણ સર્વ પરાયા... ઓ રે...

ભોગીલાલ ગાંધી જૂન ૨૦૦૧ માં આપણી વચ્ચેથી મહાપ્રયાણ કરી ગયા. ભોગીભાઈની પુણ્યતિથિના આ માસમાં આવે છે તેથી તેમની સ્મૃતિ અનેક લોકોના મનમાં તાજી થઈ હશે.

જયપ્રકાશ નારાયણની જેમ સમાજવાદ — સામ્યવાદના રંગે રંગાઈ ગયેલા ભોગીભાઈ જીવનના એક વળાંકે ગાંધી વિચારથી પ્રભાવિત થયા. ગાંધીજી પ્રેરીત આચાર વિચારમાં તેમને વંચિતોના હીતનું દર્શન થયું. ભોગીભાઈએ આજીવન એક અડીખમ યોધ્ધાની જેમ સામાજિક ચેતના પ્રગટાવવાનું કાર્ય કર્યુ. ગાંધી વિચારને જીવન વ્યવહારમાં ઉતારીને સમાજ જીવનમાં બદલાવ લાવવાની આ પ્રક્રિયા કદાચ ધીમી હોય પરંતુ છેવટે તો આધારભૂત ઉપાય એજ દેખાય છે. વિનોબાજી — જયપ્રકાશ જેવા લોકોએ પડકારરૂપ પરિસ્થિતિમાં પણ આજ કાર્ય કરી બતાવ્યું.

ભોગીભાઈ મૂળભૂત રીતે એક કર્મવીર હોવા ઉપરાંત સતત વિચાર કરનારા ચિંતક પણ હતા. સમાજમાં વિચારોનું પણ એક પ્લેટફોર્મ તૈયાર કરવાનો તેમનો ઉદ્યમ હતો. '' વિશ્વ માનવ '' નામનું એક સામાયિક તેમણે શરુ કરેલું. સમાજની અનેક નબળાઈઓ વિચારશૂન્યતામાંથી જન્મે છે તે વાત આપણાં આ કર્મશીલો બરાબર સમજતા હતા. આ પ્રકારના અન્ય કોઈ પ્રયાસો નીરખવા કોશીષ કરીએ તો નજીકના ભૂતકાળમાં હેરલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યુટનો માવળંકર સાહેબનો પ્રયાસ આવી વિચારશૂન્યતા સામેનોજ સંઘર્ષ હતો. આવોજ પ્રયાસ કવિ ઉમાશંકરે 'સંસ્કૃતિ' ના માધ્યમથી તથા મહેન્દ્રભાઈ મેઘાણીએ 'મિલાપ' ના પ્રકાશનથી કરેલો હતો તે વાત ફરી સ્મૃતિમાં આવે છે. તન — મન — ધનને હોડમાં મૂકીને ભોગીભાઈએ પણ 'વિશ્વમાનવ' ચલાવ્યું હતું. શારીરિક રીતે કરી શક્યા ત્યાં સુધી ભોગીલાલે 'વિશ્વમાનવ' ચલાવ્યું. જીવનમાં ફકીરીને સ્વેચ્છાએ આવકારનારા આવા માનવીઓ થકી સમાજનું પોત જળવાયું છે. સરદાર પટેલ યુનિવર્સિટીની જ્ઞાનગંગોત્રી ગ્રંથમાળાના પ્રકાશન પાછળ પણ ભોગીભાઈનું લોહી રેડાયેલું છે.

ભોગીભાઈનું પુણ્યસ્મરણ તેમના અર્ધાંગના સુભદ્રાબહેન (જીજી)ના સ્મરણ સિવાય અધુરું છે. મજૂરોની સ્થિતિ જોઈને તેમને મદદ કરવાના હેતુથી મજૂરોની ચાલીમાંજ રહેવાનું ક્રાંતિકારી કદમ સુભદ્રા ગાંધીજ ભરી શકે. એક સાક્ષર તરીકે સુભદ્રાબહેને કવિગુરુ ટાગોરના બાળકાવ્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનું સુંદર કાર્ય કર્યુ હતું. સાદગી — સ્વચ્છતા અને સુઘડતા સુભદ્રાબહેનના જીવનમાં સાંગોપાંગ ઊતર્યા હતા તેવું પ્રાધ્યાપક દક્ષાબહેન પટેલનું અવલોકન જીજીના નિરાળા વ્યક્તિત્વને પ્રગટ કરે છે. સમાજમાં નોખા ચીલા પાડીને જીવતર જીવી જનાર જીજી — ભોગીલાલભાઈ જેવા નામ તેમજ તેમના કામ વિસરી જવાય તો એ આપણું સામુહિક દુર્ભાગ્ય ગણાશે.

# પ્રકાશ ન. શાહે 'કાકાસાહેબ કાલેલકરની વિચારયાત્રા' વિશે વકતવ્ય આપ્યું



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને સાહિત્યકાર જયંતિલાલ મકવાણાના ચોથા પુસ્તક 'પરણેતરની પ્રીત' નવલકથાનું વિમોચન અને લોકાર્પણ જાણીતા સાહિત્યકાર, નવલકથાકાર અને વાર્તાકાર ડૉ. કેશુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને તેમના શુભહસ્તે, આ પુસ્તક જેમને અર્પણ થયું છે, તેવા લીંબડીના રહેવાસી - સાહિત્યકાર વિષ્ણુકુમાર મહેતાના મુખ્ય મહેમાન પદે અને ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વપ્રમુખ હરિકૃષ્ણ પાઠક અને સુરેન્દ્રનગરના વાર્તાકાર તલકશીભાઈ પરમાર તથા લીંબડીના કવિ અને લઘુકથાકાર ચંદ્રકાન્ત નિર્મલના અતિથિ વિશેષપદે ડૉ. ડી.આર. શર્મા, રમણીકભાઈ દવે, રોહિતભાઈ જોષીની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ દ્વારા કરવામાં આવ્યું, જયારે અતિથિઓનો પરિચય પૂર્વ પ્રમુખ ભરત કવિ દ્વારા આપવામાં આવ્યો, જયારે તપોવન સંસ્કારપીઠના શ્રેષ્ઠ શિક્ષક રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા રોહિતભાઈ જોષીએ જયંતિભાઈ મકવાણના પરિવારનો પરિચય આપ્યો હતો. લેખકે 'પરણેતરની પ્રીત' પુસ્ત સૌ પ્રથમ પોતાના ગુરુ વિષ્ણુકુમાર મહેતાને ભેટ ધર્યું હતું, જેમણે જયંતિભાઈને કલમ ભેટમાં આપીને આશીર્વાદ પાઠવ્યા હતા. પુસ્તકના લોકાર્પણ બાદ તલકશીભાઈ પરમારે પુસ્તકની કથા વિશે વકતવ્ય આપ્યું હતું; જયારે અધ્યક્ષ સ્થાનેથી ડૉ. કેશુભાઈ દેસાઈએ લેખકની પ્રતિભાની પ્રશસ્તિ કરીને, પ્રસંગોચિત ઉદ્‌બોધન બાદ, મકવાણાના શુભકામનાઓ પાઠવી હતી. મકવાણાને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ૨૫મી જુન ૨૦૧૭ ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે, કવિ, વાર્તાકાર (૧) આભડછેટના ઓછાયા અને (૨) છદ્મરૂપના આસ્વાદ - વિવેચનનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમા જાણીતા વાર્તાકાર, વિવેચક અને ગાંધીનગર સાહિત્યસભાના મંત્રી કલ્પેશ પટેલે આ આસ્વાદ કરાવતા - વિવેચનમાં બંને વાર્તા સંગ્રહોમાંથી સ્ફૂટ થતી દલિત વિભાવના, ગ્રામ્ય દલિત જીવનનું ચિતરાયેલ હૂબહૂ દૃશ્ય, બીન દલિત હોવા છતાં દલિતો - વંચિતો - તરછોડાયેલાની વેદનાનો મુખર થયા સિવાય અપાયેલ ચિતારનો ઉલ્લેખ કરાવતાં જણાવ્યું કે ગઢવી વાર્તાકળામાં કયાંક ઉણા ઉતર્યા નથી. તેઓ પ્રતિબદ્ધ અને માનવતાવાદી સવાયા દલિત સાહિત્યકાર છે અને તેઓ અસ્પૃશ્યતાને હાડોહાડ સમજ્યા છે અને તેનું સાંગોપાંગ નિરુપણ કર્યુ છે. પ્રવીણ ગઢવી કવિ, વાર્તાકાર, અને કોલમીસ્ટ છે અને તેઓએ ૬ દલિત કાવ્યસંગ્રહો, ૩ દલિતો વાર્તાસંગ્રહો અને દલિત સાહિત્યનાં વિવેચન પુસ્તકો પ્રગટ કર્યા છે. આ પ્રસંગે ચર્ચા અને વિચાર વિમર્શમાં, શ્રી પ્રવીણ ગઢવી, ડૉ. કેશુભાઈ દેસાઈ, નટુભાઈ પરમાર, ચંદુભાઈ મહેરિયા, સાહિલ પરમાર, સોમ વાઘેલા, મૂળજીભાઈ પરમાર 'દધિ' અશોકભાઈ ત્રિવેદી, નારણ વાઘેલા વિગેરેએ ભાગ લીધો હતો અને સાહિલ પરમારે આભાર દર્શનમાં ખાસ કલ્પેશ પટેલના રસસભર આસ્વાદ કરાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

●ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને મંગળ મિલન સાહિત્ય વર્તુળ, ધ્રાંગધ્રાના સંયુક્ત ઉપક્રમે 'આપણી ભાષાના ત્રણ સૂર્ય : નરસિંહ મહેતા, પ્રેમાનંદ અને નર્મદ' કાર્યક્રમ યોજી ગયો. આ ત્રણ શબ્દસૂરિઓ વિશે અનુક્રમે ડૉ. રમણીકલાલ મારુ, ડૉ. હસુ યાજ્ઞિક અને ડૉ. દીપક પંડ્યાએ વકતવ્યો આપ્યા હતા. આયોજન કનૈયાલાલ ભટ્ટે કર્યું હતું.

કલ્યાણ પ્રસાદ અને શબ્દસેતુ - સાહિત્યકલા સંસ્થા, વડોદરાના સંયુક્ત ઉપક્રમે, વડોદરાના સાહિત્યકાર વ્રજેસ વાળંદની હાસ્યનવલ 'જોઈતારામનું પુનરાગમન' તથા વાર્તાસંગ્રહ 'નામ તો નહીં જ કહું'નું લોકાર્પણ ષષ્ઠપીઠાધીશ્વર પૂ.પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજના શુભહસ્તે, જાણીતા ગઝલકાર, નવલકથાકાર, વાર્તાકાર અને કોલમીસ્ટ સતીશ ડણાકના અધ્યક્ષપદે થયું હતું. સતીશ ડણાકે 'જોઈતારામનું પુનરાગમન' લઘુનવલની વિશેષતાઓ વિશે કહી, લઘુનવલના મુખ્યપાત્ર જોઈતારામને એકવીસમી સદીના ભદ્રંભદ્ર તરીકે ઓળખાવ્યા હતા. ડૉ. વિરંચિ ત્રિવેદીએ વાર્તાસંગ્રહ 'નામ તો નહીં જ કહું' વિશે વકતવ્ય આપ્યું હતું. 'શબ્દસેતુ' ના સંયોજક કવિ સુંદરમ્ ટેલરે વ્રજેશભાઈનો પરિચય આપ્યો હતો જયારે ખલીલ ધનતેસવીએ સર્જકતા વિશે વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધર્મરાજ શેઠે કર્યુ હતું.

● અખિલ હિન્દ મહિલા પરિષદ, બૃહદ્ શાખા ટ્રસ્ટના વાચકમંચના ઉપક્રમે 'સ્મિતા પારેખ સાહિત્ય લેખનસ્પર્ધા - ૨૦૧૭' માં વાર્તા, કવિતા અને બાળવાર્તા સ્પર્ધા યોજાઈ છે. આ માટે સર્જકોએ તેમની કૃતિઓ સંસ્થાના કાર્યાલય 'શાલીભદ્ર કોમ્પલેક્ષ, કાદરશાની નાળ, ટિમલિયાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧' ને તા. ૩૧-૭-૨૦૧૭ સુધીમાં કૃતિની બે નકલ મોકલવા જણાવ્યું છે, જેમાં શ્રેષ્ઠ કૃતિને રૂા. ૫૦૦૦/-નું પારિતોષિક આપવામાં આવશે.

● ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ અને ગુજરાતી ભાષા સાહિત્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રકાશ ન. શાહે 'કાકાસાહેબ કાલેલકરની વિચારયાત્રા' વિશે વકતવ્ય આપ્યું હતું.

●ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદના ઉપક્રમે 'પાક્ષિકી' અંતર્ગત ગોપાલી બુચે સ્વલિખિત વાર્તા, 'અનુકંપાનું ; રમેશ દરજીએ તેમની 'આખલો અને રીંછ' વાર્તાનું અને મહેન્દ્રસિંહ પરમારે 'બ્લેન્કેટ' વાર્તાનું પઠન કર્યું હતું.'

- munjibhaidadhi@gmail.com